# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

સેવા સદન-૧, સિવિલ લાઇન્સ રોડ,
ગોધરા, જિ. પંચમહાલ (૩૮૯૦૦૧)
ફોન: ૦૨૬૭૨- ૨૪૨૯૪૦, ૨૪૨૮૦૦ |ફેક્સ: ૦૨૬૭૨-૨૪૨૮૯૯
ઈ-મેઈલ: collector-pan@gujarat.gov.in

નં.એમએજી/વશી/ ૬૭

તા.૯/૦૧/૨૦૧૯

**પ્રતિ,**

પ્રમુખશ્રી
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપાર્ટ એસોશિયેસન
૭૩/એ, સહજાનંદ શોપીગ સેન્ટર,
શાહીબાગ, અમદાવાદ

**વિષય:–** શહેરમાં ભારે તેમજ મધ્યસ્થ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની જાહેરનામાની નકલ મોકલવા બાબત

**સંદર્ભ:–** આપ સાહેબશ્રીના પત્રકમાંક:એજીટીટીએ/૨૦૧૮–૧૯, તા.૦૩/૦૧/૨૦૧૯

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે આપના સંદર્ભદર્શીત પત્રની વિગતે જણાવવાનું કે, અત્રેના પંચમહાલ જિલ્લામાં શહેરમાં ભારે વાહનોના પ્રવેશબંધી અંગેનું તા.૧૮/૦૬/૨૦૧૬ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવેલ જે હાલ અમલી છે.(નકલ સામેલ છે.) જેમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. તથા નવુ કોઈ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ નથી. જે જાણ થવા વિનંતી છે.

**બિડાણ:–ઉપર મુજબ**

**એકસ્ટ્ર ચીટનીશ**
**દ્**
**જિલ્લા મેજીસ્ટ્રેટ**
**પંચમહાલ ગોધરા**

Scanned by CamScanner

સત્યમેવ જયતે

# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

સેવા સદન-૧, સિવિલ લાઇન્સ રોડ,
ગોધરા, જિ. પંચમહાલ (૩૮૯૦૦૧)
ફોન: ૦૨૬૭૨- ૨૪૨૯૪૦, ૨૪૨૮૦૦ | ફેક્સ: ૦૨૬૭૨-૨૪૨૮૯૯
ઈ-મેઈલ: collector-pan@gujarat.gov.in

## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧)(ખ) હેઠળનું જાહેરનામુ

નં.મજસ/જાહેરનામું/વશી/૨૦૩૪થી૨૦૭૫

તા.૧૮/૦૬/૨૦૧૬.

પોલીસ અધિક્ષકશ્રી,પંચમહાલ ગોધરાએ તેઓના પત્ર નં.એલ.આઈ.બી./જાહેરનામુ/૧૦૨૨/૨૦૧૬ તા.૨૮/૪/૨૦૧૬થી ગોધરા શહેર વિસ્તારની બહાર અમદાવાદ–ઈન્દોર હાઈવે તથા હાલોલ–શામળાજી હાઈવે સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયેલ છે. આ બાયપાસ રોડ ઉપર વડોદરા થી શામળાજી , અમદાવાદ થી ઈન્દોર તથા શામળાજી થી વડોદરા તેમજ ઈન્દોર થી અમદાવાદ તરફ જતા ભારે વાહનો (ટ્રકો) પોતાના કિલોમીટર ઓછા થાય તે હેતુથી ગોધરા શહેરમાંથી પસાર થતા રોડ ઉપરથી આવ -જા કરે છે. આ ઉપરાંત ગોધરા શહેરમાં પણ મહત્તમ વાહનોની અવર જવરના કારણે અકસ્માત થવાની શકયતાઓ રહેલ છે, જેથી આવા ભારે વાહનો(ટ્રકો) ગોધરા શહેરમાંથી પસાર ન થાય તે માટે પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. ગોધરા શહેરમાં ભારે વાહનોની અવર જવરના કારણે ટ્રાફીકની સમસ્યાઓ પણ ઉદ્ભવે છે. જે જોતા લોકોના જાનમાલના રક્ષણ તેમજ પડતી અગવડતાઓ નિવારવા માટે ગોધરા શહેરમાંથી પસાર થતા ભારે વાહનો(ટ્રકો) ના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી હું પી.ભારથી (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ, વડોદરા,અમદાવાદ અને દાહોદ તેમજ અન્ય રસ્તા ઉપરથી ગોધરા શહેર વિસ્તારમાં પ્રવેશતા ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ જાહેરનામાનો અમલ ગોધરા શહેરમાં જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ,પુરવઠો લઈને આવતા ભારે વાહનો તથા એસ.ટી. બસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ કામે પોલીસ વિભાગે જાહેરનામાનો અમલ થાય તે હેતુથી પુરતી તકેદારી રાખી યોગ્ય જગ્યાએ જરૂરી બોર્ડ દર્શાવવાના રહેશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ પોલીસ વિભાગે કરવાની રહેશે.

આજ તારીખ: ૧૮ -જુન–૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

(પી.ભારથી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

...૨/-

Scanned by CamScanner
Scanned by CamScanner

પ્રતિ,

(૧) પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તરફ.

૨/ જાણ તથા જરૂરી અમલવારી કરાવવા સારૂ.

(૨) વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.

૨/ સદરહુ જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ કરી તેની દશ નકલો અત્રે મોકલી આપવા સારૂ.

<u>નકલ જયભારત સહ રવાના:</u>

(૧) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરા તરફ.

(૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોધરા તરફ.

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, મા અને મ (સ્ટેટ) પંચમહાલ, ગોધરા.

(૪) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરા.

(૫) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.ગોધરા

(૬) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, પંચમહાલ ગોધરા

(૭) જિલ્લા સરકારી વકીલશ્રી, પંચમહાલ ગોધરા

<u>નકલ રવાના:</u>– નાયબ માહિતી નિયામકશ્રી, પંચમહાલ ગોધરા.

૨/–આઈટમ ઓફ ન્યુઝ તરીકે દૈનિક અગ્રગણ્ય સમાચાર પત્રોમાં વિના મૂલ્યે તાત્કાલીક પ્રસિધ્ધિ કરાવવા કાર્યવાહી કરવા સારૂ.

<u>નકલ રવાના:–</u> (૧) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી ગોધરા .

(૨) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, ગોધરા

<u>નકલ રવાના:–</u>પી.એ.ટુ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પંચમહાલ ગોધરા.

<u>નકલ રવાના :–</u> સીલેકટ ફાઈલ.

Scanned by CamScanner